ગાંધીનગર આરટીઓ કચેરી દરરોજ ૯૦ લર્નીંગ લાયસન્સ આપે છે

અગાઉ એક દિવસમાં માંડ ૭૦ લાયન્સ આપી શકાતાં હતાં

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર આરટીઓ કચેરી દરરોજ ૯૦ જેટલાં લર્નીંગ લાયસન્સ ઈશ્યૂ કરે છે, જે અગાઉ દિવસનાં ૭૦ લાયસન્સ માંડ ઈશ્યૂ કરી શકતી હતી. જાણવા જેવી વાત એ પણ છે કે દિવસ દરમ્યાન પહેલાં કરતાં વધુ લાયસન્સ ઈશ્યૂ થઈ રહ્યાં હોવા છતાં લાયસન્સ લેનારાઓનો સમય ઓછામાં ઓછો વ્યતિત થઈ રહ્યો છે અને તેમનું કામ અગાઉ કરતાં અનેકગણી ઝડપે પૂર્ણ થઈ રહ્યું છે.

આમ થવા માટેનું કારણ શું? કારણ માત્ર એટલું જ કે લાયસન્સ માટે ઍપોઇન્ટમેન્ટ માગવાની પ્રથા ઑનલાઈન કરી દેવામાં આવી છે. મતલબ કે હવે ગાંધીનગર આરટીઓ કચેરી દ્વારા લર્નીંગ લાયન્સ મેળવવું હોય તો દરેકે તેના માટે ઑનલાઈન જ અરજી કરવી પડે છે. ઑનલાઈન અરજી કરવામાં આવતાં આગામી બે માસના સમયગાળામાંથી તમને અનુકૂળ સમય ફાળવી આપવામાં આવે છે. આ કારણે કયા દિવસે અને કયા સમયે વાહન શીખનાર વ્યક્તિએ લાયસન્સની પ્રૉસેસ અને ઍક્ઝામ માટે આવવાનું તે પણ નિશ્ચિત થઈ જાય છે. આમ થવાથી વ્યક્તિને વધારે સમય આરટીઓ કચેરીમાં વ્યતિત કરવો પડતો નથી અને નિયત સમયે કચેરીમાં આવ્યા પછી માત્ર ૨૦ મિનિટમાં જ કામગીરી પૂર્ણ કરીને તે પરત જઈ શકે છે.

અગાઉ આ કામગીરી માટે લાંબી લાઈનો લાગતી, લોકોનો ખસારો થતો અને તેમ છતાં કામગીરી ઓછી થતી અને લોકોને લગભગ દિવસભર બેસી રહેવું પડતું. કચેરીએ સવારથી આવેલા વ્યક્તિને જે ટોકન નંબર આપવામાં આવ્યો હોય તેનો વારો છેક બપોરે આવે એવું પણ બનતું. આ કારણે લોકોનો સમય પણ બગડતો અને આરટીઓ કચેરીમાં ભીડ પણ વધુ રહેતી.

પરંતુ, હવે એવું રહ્યું નથી. વળી, આરટીઓ કચેરી પણ હવે વધારે સુવિધાજનક અને મોટી થઈ ગઈ છે. નવી આરટીઓની વેઈટીંગ લૉન્જ પણ એવી સુંદર છે કે જાણે કોઈ ઍરપોર્ટની લૉન્જ હોય! મોટા ઍલસીડી ટીવી પર ટ્રાફિકના નિયમોની સમજ આપતી જાહેરાતો પણ ચાલુ ને ચાલુ જ હોય. વેઈટીંગ લૉન્જ એવી આરામપ્રદ અને સુંદર છે કે કામ ન હોય તોય અહીં વેઈટીંગ કરવાનું મન થાય.

જોકે, હવે કામગીરી માટે સમય નિયત કરી દેવામાં આવતાં આ વેઈટીંગ લૉન્જમાં લોકોની સંખ્યા માટેય વેઈટીંગ કરવું પડે તેમ છે.

સમયાનુસાર કામ કરવાની પદ્ધતિ આવતાં લોકોનો સમય તો બચ્યો જ છે, પરંતુ તેમને બીજો ફાયદો એ પણ થયો છે કે અગાઉ માત્ર ૭૦ જેટલાં લાયસન્સ એક દિવસમાં ઈશ્યૂ થઈ શકતાં હતાં, તેની સામે હવે ૯૦ જેટલાં લાયસન્સ એક દિવસમાં ઈશ્યૂ થઈ શકે છે. આમ કામગીરી ઝડપી પણ બની અને વધી પણ ખરી, જેનો સરવાળે લાભ લોકોને જ મળ્યો છે.

ગાંધીનગર આરટીઓ કચેરી ખાતે કાર્યરત એઆરટીઓ આર એ આચાર્ય જણાવે છે કે, 'અમારા કમિશનરશ્રીનો એવો આદેશ છે કે આપણી સેવાઓ વધુ ને વધુ લોકાભિમુખ બનવી જોઈએ. કારણ કે લોકો છે તો આ સેવાઓ છે, લોકો છે તો આ કચેરી છે અને લોકો માટે આ સેવાઓ ને કચેરીઓ છે. આ કારણે અમે સતત એવા પ્રયાસમાં રહીએ છીએ કે અમે અમારી સેવાઓને વધુ ને વધુ લોકાભિમુખ બનાવી શકીએ. અમારે ત્યાં આવતો કોઈપણ માણસ પોતાનું કામ ઓછામાં ઓછા સમયમાં અને સંતોષકારક રીતે પૂર્ણ કરીને જાય એ જ અમારું ધ્યેય છે અને હવે નવી કાર્ય કરવાની પદ્ધતિથી અમે આ ધ્યેયને સાધી શક્યા છીએ.'

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર આરટીઓ કચેરી એ રાજ્યની મૉડેલ આરટીઓ કચેરી છે અને દેશની શ્રેષ્ઠ આરટીઓ કચેરીઓમાં તેની ગણના થાય છે.

લોકાભિમુખ અભિગમ, આધુનિક સુવિધાઓ અને ઑનલાઈન ઍપ્લિકેશન સિસ્ટમ જેવી આધુનિક કાર્ય પદ્ધતિઓને કારણે અહીં લોકોનાં કામ પણ ઝડપી થાય છે, વધુ થાય છે અને તેમ છતાં લોકોની બહુ મોટી ભીડ કચેરીમાં જોવા મળતી નથી. ટૅકનોલૉજીનો અને મૅનેજમૅન્ટનો લાભ આને જ કહેવાતો હશે ને!

નવાં સૅક્ટર્સમાં પાણી વ્યવસ્થા અપગ્રેડ થતાં હજુ ૬ મહિના લાગશે

ઓગષ્ટ સુધીમાં નવીન ટાંકીનું કામ પૂર્ણ થઈ જશે

ગાંધીનગર, તા. ૩

નવા સેક્ટરોમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનું કામ પૂર્ણ થતા હજુ ૬ મહિના જેટલો સમય લાગશે. સે. ૫-ડીમાં પાણીની ટાંકી બનાવવાનું કામ આગામી ઓગષ્ટ મહિના સુધી પૂર્ણ કરી દેવાશે. જ્યારે પાઈપલાઈન સંદર્ભે પણ ૬૦ટકા કામગીરી થઈ ગઈ હોવાનું ધ્યાને આવ્યું છે. આકરા ઉનાળાના કપરા દિવસો બાદ સપ્ટેમ્બર પછી નવવિકસિત વિસ્તારમાં રહીશોને નવી વિતરણ વ્યવસ્થા થકી ફોર્સથી પાણી મળશે.

શહેરના નવ વિકસિત વિસ્તારને અનુલક્ષી ગત વર્ષ દરમિયાન પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનો નિર્ણય લેવાયો હતો. જેને અનુલક્ષી સે. ૧ થી ૧૩માં પાણી વિતરણ વ્યવસ્થા અસરકારક બનાવવા અંદાજિત રૂ. ૧૬.૨૯ કરોડના ખર્ચે પાઈપલાઈન સહિત સે. ૫-ડીમાં પાણીની નવીન ટાંકી બનાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦ લાખ લીટરની ઓવરહેડ ટાંકી તેમજ ૭૫ લાખ લીટરની ક્ષમતા ધરાવતા અન્ડરગ્રાઉન્ડ સંપનું કામ હાથ ધરવામાં આવ્યું છે. સવા પાંચ કરોડના ખર્ચેનિર્માણ પામતી નવીન ટાંકીનું કામ ગતિએ ચાલતુ હોવાથી આગામી ઓગષ્ટ મહિના સુધીમાં આ કામગીરી પૂર્ણ થઈ જશે. જ્યારે વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા હાથ ધરાયેલ પાણીની પાઈપલાઈનનું કામ પણ ૬૦ ટકા જેટલું પુરૂ થઈ ગયું છે. જો કે હજુ પાઈપલાઈનનું કામ પૂર્ણ થતા બે મહિના જેટલો સમય લાગે તેમ છે. અલબત્ત પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાની કામગીરી સપ્ટેમ્બર સુધી ચાલશે. ત્યારબાદ તથા સેક્ટરોમાં નવી વિતરણ વ્યવસ્થા મુજબ રહિશોને ફોર્સથી પાણી મળી રહે તેવી સંભાવના છે.

ગાંધીનગરમાં ચ-માર્ગ પર હવે અકસ્માત ઝોન બની રહ્યો છે. આ માર્ગ પર રોજ નાના-મોટા અકસ્માતો સતત નોંધાતા રહ્યા છે. આજે પંચાયત પરિષદની સામે એક લકઝરી બસનો સર્જાયેલ અકસ્માત આખો દિવસ કર્મચારીઓની ચર્ચાનો મુદ્દો બન્યો હતો. અકસ્માતની તસવીર.

(તસવીર : દિપક જાની)

લાખોની ચીલઝડપ અને ચેઈન સ્નેચીંગના ગુનાઓનો ભેદ ખુલ્યો

લવારપુર લૂંટ કેસમાં ઝડપાયેલ આરોપીની પોલીસ સમક્ષ કબૂલાત : સે. ૧૬ અને ૨૮માં લાખોની ચીલઝડપ કરી હતી : ચેઈન સ્નેચીંગના બે ગુન્હાઓ પણ કબૂલ્યા

ગાંધીનગર, તા. ૩

લૂંટના ગુન્હામાં પોલીસના હાથે ઝડપાયેલ આરોપીની આકરી પુછતાછ દરમિયાન પાટનગરમાં લાખોની ચીલઝડપ તેમજ ચેઈન સ્નેચીંગના ચાર જેટલા ગુન્હાઓનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. જેમાં શહેરના સે. ૧૬માં બેંક પાસેથી રૂ. ૫ લાખની ચીલઝડપ તેમજ ચાર મહિના અગાઉ સે. ૨૮ના સરકારી રહેણાંક વિસ્તારમાંથી રૂ. ૩ લાખની ચીલઝડપ કરવાના ગુન્હાઓનો પણ ભેદ ખૂલવા પામ્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગત તા. ૨૮ માર્ચના રોજ લવારપુર ચાર રસ્તા પાસે બાઈક પર આવેલા અજાણ્યા ત્રણ ઈસમોએ એક વ્યક્તિને રોકી લેપટોપ રોકડ તેમજ દસ્તાવેજી કાગળો સહિત રૂ. ૭૦ હજારની લૂંટ કરી હતી. બાતમીના આધારે પોલીસે આ ગુન્હા સંદર્ભે અમદાવાદ કુબેરનગરના આરોપી અજય ઉર્ફે અજુ રમેશ થેરીપાણીને ઝડપી લીધો હતો. જ્યારે આ આરોપીની પી.એસ.આઈ. એન.એ. વાઘેલાએ આકરી અને ઉડાણપૂર્વકની તપાસ હાથ ધરતાં ગાંધીનગર શહેરી વિસ્તારમાં છેલ્લા ચાર મહિના દરમિયાન બનેલા લૂંટ તેમજ ચેઈન સ્નેચીંગ સહિતના ચાર ગુન્હાઓનો ભેદ ખુલવા પામ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

આગામી ૧૦મી એપ્રિલથી જામનગર ખાતે શરૂ થઈ રહેલ મેયર કપ ટુર્નામેન્ટમાં ગાંધીનગર કોર્પોરેશનની ટીમ ભાગ લેવા જવાની છે. આજે ટીમના સભ્યોએ સુકાની અને મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાની ઉપસ્થિતિમાં નેટ પ્રેક્ટીસ કરી હતી તે પ્રસંગની લેવાયેલ તસવીર.

(તસવીર : દિપક જાની)

ગિયોડ પાટીયા પાસે વહેલી સવારે અકસ્માત : એકનું મોત

બેફામ જતી લકઝરીએ બાઈક અને રીક્ષાને અડફેટે લીધા, અન્ય ચાર વ્યક્તિને ઈજા

ગાંધીનગર, તા. ૩

હિંમતનગર-ચિલોડા હાઈવે માર્ગપર ગિયોડ પાટીયા નજીક આજે વહેલી સવારે બેફામ જતી લક્ઝરીએ રીક્ષા તેમજ બાઈકને ટક્કર મારતા એક વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય ચારને ઈજાઓ થવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગર-ચિલોડા માર્ગપર ગિયોડ પાટીયા પાસે પાર્ક સવારે ૫.૩૦ કલાકે લકઝરી બસ નં. આર.જે. ૩૦-પીએ-૧૨૭૫ના ચાલકે માર્ગ પર જતા બાઈક નં. જીજે-૧ડીબી-૩૬૪૧ તેમજ સી.એન.જી. રીક્ષા

● અનુસંધાન પાન-૭ પર

માણસા નગરપાલિકા
ભાવો અંગેની જાહેર નિવિદા

માણસા નગરપાલિકા માટે નીચે મુજબ ખરીદી / કામો માટે અનુ.નં. ૧ વાળી આઈટમ અંગેના ટેન્ડર ફોર્મ માણસા નગરપાલિકા, માણસા ખાતેથી તા. ૧૩-૪-૨૦૧૨ સુધી ઓફીસ સમયમાં મેળવી શકાશે. જે ટેન્ડરો તા ૧૬-૪-૨૦૧૨ સુધીમાં ચીફ ઓફીસરશ્રી, માણસા નગરપાલિકા, માણસાને રજિસ્ટર્ડ એ.ડી.થી જ મોકલવાના રહેશે અને અનુ. નં. ૨ થી ૩ વાળી આઈટમોના ભાવો ચીફ ઓફીસરશ્રી, માણસા નગરપાલિકાને તા. ૧૬-૪-૨૦૧૨ સુધીમાં રજિ. એ.ડી.થી મળે તે રીતે મોકલવાના રહેશે. કોઈપણ ટેન્ડર બાબતે અબાધિત અધિકાર માણસા નગરપાલિકાનો રહેશે.

અ.નં.	કામનું નામ
૧	માણસા નગરપાલિકામાં વાર્ષિક ધોરણે (વર્ષ-૨૦૧૨-૧૩) તમામ વિભાગની ઓફીસ સ્ટેશનરી ખરીદીના ભાવ.
૨.	નગરપાલિકાની સેનેટરી શાખામાં હાથલારી માટે ૩૨૫x૩૨૫x૩૨૫ mm સાઈઝ, ૮ mm ના રીવેટીંગ સાથેના હેન્ડલવાળા, માણસા નગરપાલિકાનો સિમ્બોલ (લોગો) વાળા નંગ-૧ ડબ્બાનો ભાવ (વાર્ષિક ભાવ)
૩.	પ્રોપર્ટી ટેક્ષના સોફ્ટવેરના ભાવ

તા. ૨-૪-૨૦૧૨ ચીફ ઓફીસર
સ્થળ : માણસા નગરપાલિકા કચેરી માણસા નગરપાલિકા
E-mial : mansa_nagarpalika@yahoo.co.in

એલ.સી.બી. પોલીસે ત્રણ મોબાઈલ ચોરને ઝડપ્યા

શકમંદ માલુમ પડતા કિશોરોની પુછતાછ : ૧૨ હજારનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૩

એલ.સી.બી. પોલીસે પેટ્રોલીંગ દરમિયાન પેથાપુર ચાર રસ્તા પાસેથી શહમંદ માલુમ પડતા ત્રણ કિશોરોની તપાસ કરતા બે મોબાઈલ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલાયો છે.

(અનુસંધાન પાન-૭ પર)

દ્વીતીય પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ. રણજીતસિંહ બળદેવજી ડાભી (પોલીસ ઇન્સ્પેક્ટર)
સ્વ. તા. ૪-૪-૨૦૧૦

તસ્વીર જોઈ તમારી આંખો રડે છે. જીવન સદા લેવુ જીવ્યા કે જેનારા જોયા કરે છે.
સાત જુદગીનો સોગંદ હશે કયાં ખબર હતી ? દુઃખને દુખાડયુ નહીં, સુખને છલકાવ્યુ નહીં,
ગમાર કદી ચૂકયા નહી, ધર્મ કદી મૂકયા નહીં. પ્રભુ સ્વામના સાન્નિધ્યે પરમશાંતિ સ્વામી તેવી પ્રાર્થના

ગંગા સ્વ. કૈલાષબા રણજીતસિંહ ડાભી

ડાભી કરણસિંહ રણજીતસિંહ | ડાભી કિશોરસિંહ રણજીતસિંહ | ડાભી વિજયસિંહ રણજીતસિંહ
ડાભી નયનાબા કરણસિંહ | ડાભી કુસુમબા કિશોરસિંહ | ડાભી સોનલબા વિજયસિંહ
ડાભી રૂદ્રરાજસિંહ કરણસિંહ | ડાભી બિન્સવર્ધન કિશોરસિંહ | ડાભી દિવ્યરાજસિંહ વિજયસિંહ
ડાભી બાબુસિંહ લક્ષ્મણસિંહ

કરૂણા ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતવાળાઓ માટે રેફ્રીજરેટેડ શબ પેટી

કરૂણા ટ્રસ્ટને સ્વ. મણીબેનના સ્મરણાર્થે શ્રી બાબુભાઈ સી. પટેલ (ભાન્ડુ, તા. વિસનગર) લાયન્સ કલબના સૌજન્યથી રેફ્રીજરેટેડ શબ પેટી ભેટમાં મળેલ છે. મૃત્યુ પામનાર વ્યક્તિનાં સ્વજનો બહારગામ કે પરદેશમાં રહેતાં હોવાથી તેમના આગમન સુધી શબને ઘરે બરફમાં અથવા અન્ય હૉસ્પિટલમાં મોર્ટરી વિભાગમાં મૂકવું પડે છે. આવા સંજોગોમાં શબને ઘરે સાચવવા માટે આ શબ પેટી ખૂબ જ ઉપયોગી થઈ પડશે. ટ્રસ્ટ તરફથી આ પેટી નક્કી કરેલ દૈનિક રાહત દરે ચોક્કસ શરતોને આધિન જરૂરિયાતવાળાઓને આપવામાં આવશે. આ માટે કરૂણા ટ્રસ્ટ, ૨૨, ગૌતમનગર, નારણપુરા રેલવે ક્રોસિંગ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન નં. ૨૭૫૦૧૯૫ ઓફીસમાં સંપર્ક કરવો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT | BIRLA TYRES

SANGHI CEMENT | KISAN | BENELAVE | H.FIXIT | TMT BARS - ISI | TATA | SANGHI STEEL - ISI | ashirvad C. PVC, UPVC
STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક સીમેન્ટ, TMT સ્ટીલ સ્પે. કપચી-ગ્રીટ, ડેકોરેટીવ નળીયા, સેનેટરી, પાઈપ ફીટીંગ, ઈંટોના જથ્થાબંધ તેમજ છૂટક સપ્લાયર્સ
દેશ કી શાન કામધેનુ TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વૉલીટી
અલ્ટ્રાટેક સિમેન્ટ
સ્ટોકિસ્ટ Build the trust Since 1983 કૈલાસ ટ્રેડર્સ Steel Tiger (લોદરા વાળા)
૯૩૩/૨, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૩૮૯ / ૬૫૭૨૩૮૭૧ મો. ૯૮૨૫૯ ૪૭૮૭૮ / ૯૯૯૮૭ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૭૩૨૦૦

Govt. of India Regd. No. 38383 / 82 માસિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૭, ફેક્સ : ૨૩૨૩૦૫૭૭ E-mail : gandhinagarsamachar@yahoo.com